**માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૧૫(૩)ની જોગવાઈ મુજબ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર તથા માહિતી કમિશનરોની નિમણૂક કરવા માટે પસંદગી સમિતિની રચના કરવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વહસ-૧૦૦૫-૨૨૪૧-આર.ટી.આઈ. સેલ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૬-૦૨-૨૦૧૩

<u>વંચાણે લીધોઃ-</u>

સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ વહસ-૧૦૦૫-૨૨૪૧-આર.ટી.આઈ. સેલ, તા.૧૪-૦૭-૨૦૦૮.

**આ મુ ખ :**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણમાં લીધેલા તા.૧૪-૦૭-૨૦૦૮ ના સરખા ક્રમાંકના ઠરાવથી માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૧૫(૩)ની જોગવાઈ મુજબ રાજ્ય માહિતી આયોગમાં મુખ્ય માહિતી કમિશનર તથા માહિતી કમિશનરોની નિમણૂક કરવા માટેની પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ હતી.

તેરમી ગુજરાત વિધાનસભા તથા નવા પ્રધાનમંડળની રચના થતાં માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૧૫(૩)ની જોગવાઈ મુજબ રાજ્ય માહિતી પંચમાં મુખ્ય માહિતી કમિશનર તથા માહિતી કમિશનરોની નિમણૂક કરવા માટે નવી પસંદગી સમિતિની રચના કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠ રા વ :**

આથી પુખ્ત વિચારણાને અંતે ઉપર વંચાણમાં લીધેલ તા.૧૪-૦૭-૨૦૦૮ ના સરખા ક્રમાંકના ઠરાવથી રચવામાં આવેલ પસંદગી સમિતિ રદ કરીને, માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૧૫(૩)ની જોગવાઈ મુજબ રાજ્ય માહિતી આયોગમાં યથાપ્રસંગે મુખ્ય માહિતી કમિશનર તથા માહિતી કમિશનરોની નિમણૂક કરવા માટે નીચે મુજબની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય મુખ્યમંત્રીશ્રી | સમિતિના અધ્યક્ષશ્રી |
| (૨) | શ્રી શંકરસિંહ વાઘેલા, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી | સભ્યશ્રી |
| (૩) | શ્રી નીતિનભાઈ પટેલ, માનનીય મંત્રીશ્રી, નાણા, આરોગ્ય તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ અને વાહન વ્યવહાર. | સભ્યશ્રી |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.સી. પટેલ)
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

* ૧. માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૩. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
૪. માનનીય મંત્રીશ્રી, નાણા, આરોગ્ય તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ અને વાહન વ્યવહારના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૫. સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો બિલ્ડીગ, પ્રથમ માળ, સેકટર–૧૮, ગાંધીનગર.
૬. નાયબ સચિવશ્રી, માનનીય મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૭. ના.સે.અધિકારી સિલેકટ ફાઈલ
૮. શાખા સિલેકટ ફાઈલ

---

* પત્ર ધ્વારા